ગાંધીનગરના પાદરે આવેલ જાણીતી સંસ્થા નિફ્ટના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ વસ્ત્રો સાથેનો ફેશન શો 'ઈમ્પલ્સ ૨૦૧૭' યોજાયો હતો. આ ફેશન શૉમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના ફેબ્રિક્સનો ઉપયોગ કરી અલગ અલગ થીમ આધારિત અત્યાધુનિક વસ્ત્રોનું નિર્માણ કર્યું હતું. આ વસ્ત્રોને વિદ્યાર્થીઓ દ્વારા જ રેમ્પ વૉક કરી પ્રદર્શિત કરાયા હતા. જેને નિહાળી ઉપસ્થિત પ્રેક્ષકો આફરીન પોકારી ગયા હતા. વિદ્યાર્થીઓની પ્રત્યેક રજૂઆતને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવી હતી.

સે-૩ બી ખાતે રોજ રાત્રે લાઈટ ડુલ થાય છે

૧૫ દિવસથી લાઈટ જાય છે, પરંતુ કાયમી ઉકેલ લાવવામાં ટોરેન્ટ તંત્ર નિષ્ફળ : નાગરીકો ત્રાહીમામ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૩ બી ખાતે છેલ્લા ૧૫ દિવસથી વધુના સમયગાળાથી રોજ રાત્રીના લાઈટ ડુલ થાય છે. ઉનાળાની આકરી ગરમીમાં સુઈ રહેલા નાગરીકો લાઈટ જતા જ સફાળા જાગી જાય છે. પોણો કલાક બાદ લાઈટ આવે છે, આ સિલસિલો કાયમીનો થઈ પડ્યો છે. નાગરીકોની વારંવાર ફરીયાદ છતા ટોરેન્ટ તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં આવતો નથી. જયારે નાગરીકો ફરીયાદ કરે છે ત્યારે આવી જશે રીપેરીંગ કામ ચાલે છે તેવા જવાબો રોજ નાગરીકોને સાંભળવા પડે છે. ત્યારે સેકટર-૩ બી માં લાઈટ ડુલની સમસ્યાને લઈને નાગરીકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે.

શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. અંગ દઝાડતી ગરમીમાં નાગરીકો બપોરથી સાંજ સુધી ઘરમાં પુરાઈ રહે છે. શહેરનું જનજીવન પણ ગરમીથી પ્રભાવિત બન્યું છે. ત્યારે આકાશમાંથી વરસતા અગનગોળાને પગલે નાગરીકો ઘરમાં એસી, પંખા, કુલર સામે બેસીને ઠંડક મેળવવા પ્રયાસ કરે છે. ત્યારે સેકટર-૩ બી ખાતે ૧૫ થી વધુ મકાનોની લાઈટો રોજ રાત્રીના સાડા અગીયાર વાગ્યાના અરસામાં જતી રહે છે, આ સમસ્યા રોજ સર્જાય છે. પ્લોટ નં-૨૮૫ તેમજ આસપાસના ઘરમાં આ પરિસ્થિતિ સર્જાય છે. જેને પગલે ઉનાળાની ગરમીમાં શાંતિ થી સુઈ રહેલા નાગરીકો અચાનક લાઈટો ડુલ થતા સફાળા જાગી જાય છે. જયારે ગરમીને પગલે બાળકો ઉંઘમાંથી જાગી જતા હાલત કફોડી બની જાય છે. નાગરીકો દ્વારા ટોરેન્ટ તંત્રને ફરિયાદ કરતા અડધો કલાકમાં આવી જશે, રીપેરીંગ કામ શરુ છે જેવા જવાબો સાંભળવા મળે છે. ત્યારે ટોરેન્ટ તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવામાં નહી આવતા નાગરીકોમાં રોષ જોવા મળ્યો છે. જયારે ઉનાળાની ગરમીમાં લાઈટ ડુલ થવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવે તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

સરકારી નોકરીની લાલચ આપી ફુલેકુ ફેરવી જનાર ગઠીયો ઝડપાયો

તલાટી અને ગ્રામસેવકની ભરતીના પરિણામમાં વેઈટીંગમાં આવેલા બે ઉમેદવારોને ૮ લાખમાં ઓર્ડર કરાવી આપવાનુ કહીને ફસાવ્યા : સચિવાલય પાર્કીંગમાં લાવીને બોગસ કોલલેટર આપી રૂપિયા લઈને ગઠીયો સરકી ગયો હતો : એસઓજીએ ગણતરીના કલાકોમાં દબોચી લીધો

ગાંધીનગર, તા.૧

સરકારી નોકરી અપાવવાના બહાને લાખો-કરોડો રૂપિયાની છેતરપીંડી થયાના દાખલા છે. વધુ એક છેતરપીંડી પોલીસ ચોપડે નોંધાવા પામી છે. તલાટી અને ગ્રામસેવકની ભરતીના પરિણામમાં વેઈટીંગ લીસ્ટમાં આવેલા બે ઉમેદવારોને ૮ લાખમાં ઓર્ડર કરાવી આપવાનુ કહી સચિવાલય ખાતે લાવીને સીન સપાટા કર્યા બાદ બોગસ કોલલેટર થપાવી ૮ લાખનું ફુલેકુ ફેરવી નાંખ્યુ હોવાનું ધ્યાને આવ્યુ હતુ. એસઓજીની ટીમે ગણતરીના કલાકોમાં ચીટર આરોપીને પકડી પાડી સઘન પુછપરછ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ મહેસાણા જિલ્લાના સતલાસણ તાલુકાના વધાર ગામમાં રહેતો અને લાકડાની લાટીમાં નોકરી કરતો શખ્સ નાગજી સવાજી ઠાકોર પાંચ દિવસ પહેલા તેની અલ્ટો લઈને ચિલોડા આવ્યો હતો. ચિલોડા સીએનજી ગેસ ગાડીમાં પુરાવીને બહાર નિકળ્યો ત્યારે હિંમતનગર નજીકના એક ગામમાં રહેતા ખેડૂત અરૂણકુમાર શિવાભાઈ પટેલ સર્કલ નજીક ઉભા હતા. તેમણે અલ્ટોની લીફ્ટ માંગી હતી. નાગજીએ અરૂણકુમારને કારમાં બેસેડ્યા અને વાતચીત શરૂ કરી. અરૂણકુમાર પટેલે કહ્યુ કે મારો દિકરો તલાટીની પરીક્ષામાં વેઈટીંગ લીસ્ટમાં આવ્યો છે શુ કરવુ ખબર નથી પડતી..! નાગજીએ કહ્યું કે એમાં શુ મુંઝાવ છો ? મારે ઓળખાણ છે સચિવાલયમાં..! કામ થઈ જશે..! તમને ઓર્ડર અપાવી દઈશ..! અરૂણકુમારે વાત ઉમેરતા કહ્યુ કે જો થઈ જતુ હોય તો મારો પડોશીનો દિકરો પણ છે જે ગ્રામસેવકના વેઈટીંગ લીસ્ટમાં છે તેનું પણ કરવાનુ છે. ૮ લાખમાં બંનેનું થઈ જશે તેમ કહીને ડીટેઈલ લઈ બંને છુટા પડ્યા..! મંગળવારે સવારે સચિવાલયમાં સાહેબ સાથે મીટીંગ કરાવી કામ પતાવી દેવા મુલાકાત કરવાનું ગોઠવ્યુ. અરૂણકુમાર રૂપિયા

● અનુસંધાન પાના - ૭ પર

વિસ્તારક યોજનામાં પ્રજાના પ્રશ્નોની છણાવટ

ભારતીય જનતા પાર્ટી દ્વારા હાથ ધરાયેલ વિસ્તારક યોજનાના ૪થા દિવસે કાર્યકરોએ ઘરે ઘરે સંપર્ક કરી પત્રિકા વિતરણ કરવા સાથે પ્રજાના પ્રશ્નોની છણાવટ કરી હતી. આ વિસ્તારક કાર્યમાં ભાજપ મહાનગર ઉપાધ્યક્ષ સુરેશભાઈ મહેતા સાથે માધુભાઈ પ્રજાપતિ, તુલસીભાઈ માળી, જીતુભાઈ દરજી, રવિભાઈ મોદી તથા ઉમેશભાઈ શાહ વગેરે જોડાયા હતાં.

પંડિત દીનદયાળ વિસ્તારક યોજના અંતર્ગત ચોથા દિવસે ગાંધીનગર મહાનગર વોર્ડ-૧ બુથ નંબર-૨૦૬ માં કેન્દ્રીયમંત્રી પુરષોત્તમભાઈ રૂપાલા, સહકારી આગેવાન ડૉક્ટર શંકરસિંહજી રાણા, મહાનગર અધ્યક્ષ મહેન્દ્રભાઈ દાસ, વોર્ડ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ પટેલ, મહાનગર ઉપાધ્યક્ષ ઉરેન પટેલ, અતુલ પટેલ, અમૃતભાઈ દેસાઈ, બુથ નંબર-૨૦૬ વિસ્તારક ઉમેશ જહાં, કોર્પોરેટર નીતિનભાઈ, બરખાબેન જહાં, અને જીલુભા ધાંધલ સૌ બુથ સમિતિ સભ્યો સાથે મળીને ઘર ઘર સંપર્ક કરીને નરેન્દ્રભાઈ મોદીના ત્રણ વર્ષના શાસનની કામગીરી અને વીકાસના કામોની વાત કરી અને સંઘના વરિષ્ટ આગેવાન ફાલ્ગુનભાઈ વોરાના ઘરે રૂપાલા સાહેબનુ પરંપરાગત પાઘડી પહેરાવી સન્માન કરવામાં આવ્યું.

કુડાસણ ગ્રામ પંચાયત ખાતે આધારકાર્ડ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલ કુડાસણ ગ્રામ પંચાયત ખાતે ગામના સરપંચ અંબાલાલ વર્ધાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગામમાં અને સોસાયટીમાં રહેતા ભાઈ બહેનો માટે તા.૩૧ મે થી ૩ જુન દરમિયાન આધારકાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં બે દિવસમાં ૧૫૦ થી વધારે નાગરીકોએ આધારકાર્ડની કામગીરી પૂર્ણ કરી છે. આધારકાર્ડની કામગીરી દરમિયાન કોમ્પ્યુટર ખોટવાતા નાગરીકોને રાહ જોવાનો વારો આવ્યો હતો.

આજના સમયમાં દરેક વ્યકિતના આધાર માટે આધારકાર્ડ મહત્વનું છે. દરેક સરકારી કામમાં જરુરી ઓળખ માટે આધારકાર્ડ ફરજીયાત બન્યું છે. તંત્ર દ્વારા બેંકના એકાઉન્ટને પણ આધારકાર્ડના નંબર સાથે જોડાણ કર્યું છે. આધારકાર્ડ એ દરેક નાગરીકનો મહત્વનો પુરાવો બની ગયું છે. ત્યારે ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા કેટલાક નાગરીકો પાસે આધારકાર્ડ નથી. આધારકાર્ડ માટે લાગેલી લાંબી લાઈનો અને કામગીરીમાં વિલંબને પગલે નાગરીકો ત્રાહીમામ પોકારી આધારકાર્ડ વિના ચાલ્યા જાય છે.ત્યારે ન્યું ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રહેતા ભાઈ-બહેનો માટે કુડાસણ ગામના સરપંચ અંબાલાલ વર્ધાભાઈ પટેલ દ્વારા કુડાસણ ગ્રામ પંચાયતની કચેરી ખાતે ગત તા.૩૧ મે થી ૩ જુન સુધી આધારકાર્ડ કેમ્પનું આયોજન કરાયુ છે. જેમાં ગ્રામજનો તેમજ સોસાયટીમાં રહેતા રહીશો આધારકાર્ડ નીકાળવાની પ્રક્રિયા માટે આવી રહ્યા છે. નાગરીકોના ધસારાને પગલે આધારકાર્ડની કામગીરી માટેના દિવસો વધારવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. બે દિવસની આધારકાર્ડની કામગીરીમાં ૧૫૦ થી વધુ નાગરીકોએ લાભ લીધો છે.ઉલ્લેખનીય છે કે બંન્ને દિવસ કોમ્પ્યુટર ખોટવાતા આધારકાર્ડની કામગીરીમાં નાગરીકોને રાહ જોવાનો વારો પણ આવ્યો હતો. જયારે કુડાસણ ગ્રામ પંચાયત દ્વારા આયોજીત આ કેમ્પમાં નાગરીકોનો સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

સાઉથ એશિયન જમ્પ રોપ ચેમ્પિયનશીપમાં ગુજરાતના ખેલાડીઓએ ડંકો વગાડ્યો

ભૂતાન ખાતે રમાયેલ ટૂર્નામેન્ટમાં ગુજરાતના ખેલાડીઓએ ૧૭ સુવર્ણ અને ૧૧ રજત સાથે ૩૩ ચંદ્રકો જીત્યા

ગાંધીનગર, તા. ૧

ગુજરાતની જમ્પ રોપ ટીમે તાજેતરમાં ભૂતાન ખાતે યોજાયેલ ૪થી સાઉથ એશિયન જમ્પ રોપ ચેમ્પિયનશીપમાં ૧૭ સુવર્ણચંદ્રક સાથે કુલ ૩૩ મેડલ્સ જીતી ડંકો વગાડી દીધો છે. આ ટૂર્નામેન્ટમાં ગુજરાતના ૧૯ ખેલાડીઓએ મેડલ્સ પ્રાપ્ત કર્યા હતા.

જમ્પ રોપ રમતની આંતરરાષ્ટ્રીય કક્ષાની સાઉથ એશિયન ચેમ્પિયનશીપ મે માસમાં તા. ૧૯મીથી ૨૩મી મે દરમ્યાન ભૂતાનના થીમ્પુ ખાતે યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં ભારતની ટીમમાં ગુજરાતના ૨૮ ખેલાડીઓ જોડાયા હતા. જેમાંથી ૧૯ ખેલાડીઓએ મળીને કુલ ૩૩ મેડલ્સ પ્રાપ્ત કરી ગુજરાતનું ગૌરવ વધાર્યુ છે. આ ખેલાડીઓમાં નીતિ પટેલ, ઝીલ શુકલ તથા પૃથ્વી પટેલે ૩-૩ ગોલ્ડ અને શ્રેયા પટેલે ૨ ગોલ્ડ મેળવ્યા હતા. જ્યારે નીતિ પંડ્યાએ ૨ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. ગુજરાતના ખેલાડીઓનએ ૧૭ ગોલ્ડ મેડલ્સ, ૧૧ સિલ્વર મેડલ્સ તથા ૫ બ્રોન્ઝ મેડલ્સ જીત્યા હતા. ગુજરાતના ખેલાડીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનને જમ્પ રોપ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ દિવ્યેશ ગોહિલ તથા મંત્રી ધર્મેશભાઈએ અભિનંદન પાઠવ્યા હતા.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા નો ટોબેકો ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૧

પેટ્રોલિયમ યુનિ. એસોટીના વિદ્યાર્થીઓ વનશ્રી ટ્રસ્ટમાં ઈન્ટનશીપ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ દ્વારા સરકારી ઓફિસોમાં નો ટોબેકો ડેનું કેમ્પેનીંગ કરવામાં આવ્યું હતું. ખરેખર વ્યસન પોતાને તેમજ ઘરના લોકોને અને આખા સમાજને નુકશાન પહોંચાડે છે. આર્થિક નુકશાન તેમજ શારિરીક નુકશાન પણ થાય છે. જો આપણા સમાજને સુવ્યવસ્થિત નિરોગી રાખવો હશે તો યુવા પેઢીએ તણાવ અને મોજશોખ પર ખુબ ધ્યાન રાખવું પડશે તો વ્યસનથી પણ દુર રહી શકાય છે. આ વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી તેમજ બીજા લોકોને આ સંદેશ આપીને ટોબેકો ફ્રી લાઈફ કરવાની જવાબદારી ઉપાડી લેવામાં આવી છે. વનશ્રી ટ્રસ્ટ દ્વારા અવનવા કાર્યક્રમ કરીને આજની યુવા પેઢીને સારા માર્ગે દોરવાનો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરે તેવો હંમેશા અભિગમ રહ્યો છે.

જોઈએ છે

ગુજરાત રાજ્ય દલિત ઉત્કર્ષ સેવા સમિતિ ગાંધીનગર સંચાલિત અનુ.જાતિની શારદા કુમાર છાત્રાલાય મુ. પાલૈયા, તા. દહેગામ માટે નીચે જણાવેલ સ્થળે ઓપન ઈન્ટરવ્યુ તા. ૬/૬/૨૦૧૭ને મંગળવારે ૧૨ થી ૧ કલાકે ગૃહપતિ / રસોયા / ચોકીદારની ખાલી પડેલ જગ્યા ભરવાની હોવાથી ઉમેદવારે અરજી સાથે અસલપ્રમાણપત્રો સહ સ્વખર્ચે હાજર રહેવું.

નોંધ : સરકારના સમાજ કલ્યાણ ખાતાના નિતિ-નિયમો મુજબ ફીક્સ વેતન આપવામાં આવશે.

ઈન્ટરવ્યુ સ્થળ :	પ્રમુખ
પ્લોટ નં. ૮, નારાયણનગર સોસાયટી	ગુજરાત રાજ્ય
વાવોલ, તા.જી. ગાંધીનગર	દલિત ઉત્કર્ષ સેવા સમિતિ
પેટ્રોલ પંપની બાજુમાં	ગાંધીનગર

જાહેર નિવિદા નં.૧ સને ૨૦૧૭-૧૮ ગાંધીનગર

ચેરમેનશ્રી ગુજરાત મેરીટાઈમ બોર્ડ વતી નાયબ કાર્યપાલક ઈજનેર (બાં), મરામત અને જાળવણી પેટા વિભાગ, ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨૩૮૦૧૧)ની કચેરી દ્વારા 'પ્રોવાઈડીંગ એન્ડ ફીક્સીંગ વેધરશેડ એટ વી.સી. બંગલો સેક્ટર-૨૦, ગાંધીનગર'ના કામ જેની અંદાજીત રકમ રૂ. ૯૮,૫૬૦-૨૨ છે. જે કામ માટે 'ઈ-૨' અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ વેલીડ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે.

આ કામના નિયત કોરા ટેન્ડર ફોર્મ જરૂરી ટેન્ડર ફી, અંદાજી રકમના ૨૦% લેખે થતી રકમની ચાલુ વર્ષની બેંક સોલવંશી (૨૦૧૭), રજીસ્ટ્રેશન સર્ટી તેમજ પાન નંબરની પ્રમાણિત નકલો સહિત પોતાના લેટરપેડ પર અરજી કર્યેથી અત્રેની કચેરીએથી તા. ૩/૬/૨૦૧૭ થી ૯/૬/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાક સુધી આપવામાં આવશે અને ભાવો ભરેલ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએ તા. ૧૬/૬/૨૦૧૭ સુધીમાં મળી જાય તે રીતે રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલી આપવાનાં રહેશે. ત્યારબાદ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. શક્ય હશે તો ભાવો ભરાઈને પરત આવેલ ટેન્ડરો અત્રેની કચેરી ખાતે તા. ૧૭/૬/૨૦૧૭ના રોજ બપોરના ૧૨.૦૦ કલાકે હાજર રહેલ ટેન્ડર ભરનાર એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

વિગતવાર નિવિદા તથા સંલગ્ન માહિતી માટે કામકાજના ચાલુ દિવસોએ કચેરી સમય દરમિયાન અત્રેની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા જ ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક ખાતેના અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહીં.

માહિતી/૬૩૪/૧૭-૧૮

જાહેરનામુ

મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(રાજ્ય સરકાર મળેલ સત્તાની રૂએ પ્રસિદ્ધ કરવાના કલમ-૧૧નું જાહેરનામુનો મુસદ્દો)

જિલ્લો : મહેસાણા

જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)

ક્રમાંક : અમ/૨૦૧૭/૫૪/મ/જમહ/૧૫૧૬/૧૯૩૫/ઘ તા. ૨૪/૫/૨૦૧૭

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલ સત્તાની રૂએ એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની ઓ.એન.જી.સી. શારકામ નંબર MWAG, MWDL, MWDM, MWDOના જાહેર હેતુ જરૂર પડવાનો સંભવ છે.

(૧) આથી જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈઓ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદર જમીન ઉપર નિર્દિષ્ટ કરેલ હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

(૨) સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સંપાદન હેતુ સારૂ જમીનમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહી. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર કે વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોના નિકાલ માટેનો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર છેવટે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગ માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૬૯ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

(૩) ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે ઉક્ત જમીનો આગળ જણાવેલ હેતુ જરૂરી છે સદરહુ અધિનિયમ કલમ-૧૯ હેઠળ એ મતલબનું છેવટ જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૪) પુનઃ સ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩(જી) હેઠળ જીલ્લા કલેક્ટર જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે ખાસ જમીન સંપાદન અધિકારી ઓ.એન.જી.સી. યુનિય-૨ મહેસાણાને ઉક્ત અધિનિયમની જોગવાઈ હેઠળ ઉક્ત જમીનો સંબંધ કલેક્ટરના કાર્યો બજાવવા નીમે છે.

અનુસુચિ

જિલ્લો : મહેસાણા તાલુકો : મહેસાણા ગામ : દિતાસણ

સર્વે/બ્લોક નંબર	હે.આરે.ચો.મી.	જે જાહેર હેતુ માટે જરૂરી છે તે જાહેર હેતુ
૧૨૦	૦૦-૧૧-૭૫ ૦૦-૨૦-૪૬	ઓ.એન.જી.સી. મહેસાણા શારકામ નંબર MWAG, MWDL, MWDM, MWDOના કામે જમીન કાયમી કરવા કાયમી વળતર કેસ નંબર : ૧૫/૨૦૧૬
૧૨૦	૦૦-૧૧-૭૦ ૦૦-૦૭-૦૦	
૧૨૦	૦૦-૦૮-૯૦ ૦૦-૦૫-૯૧	
૧૨૦	૦૦-૦૬-૪૬	
૧૧૫	૦૦-૦૨-૬૦	
૧૨૨	૦૦-૩૮-૮૦ ૦૦-૦૧-૦૦	
૧૨૨	૦૦-૩૯-૭૯	
૧૨૨	૦૦-૩૯-૭૯	
૧૧૦	૦૦-૦૭-૫૦	
૧૧૦	૦૦-૦૭-૬૦	
૧૧૦	૦૦-૦૬-૦૦	
૧૧૨ પૈકી	૦૦-૦૪-૩૦	
૧૧૪	૦૦-૦૩-૫૦	
૧૦૮	૦૦-૦૪-૦૦	
૧૧૫	૦૦-૦૫-૦૦	
૧૧૫	૦૦-૦૨-૭૦	
૧૧૫	૦૦-૦૨-૭૦	
૧૧૫	૦૦-૦૭-૯૨	
૧૧૫	૦૦-૦૨-૨૦	
કુલ	૦૨-૪૭-૫૮	

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-

ખાસ જમીન સંપાદન અધિકારી

ઓન.એન.જી.સી. યુનિટ-૨, મહેસાણા

એચ. જે. રાઠોડ

સરકારના ઉપસચિવ

ક્રમાંક/નામાનિ/મહે/૯૭/૨૦૧૭-૧૮

ચક્ષુદાન

ગાંધીનગર નજીક આવેલ કોલવડા ગામના પ્રજાપતિ વાસમાં રહેતા પ્રિયંક રાજુભાઈ પ્રજાપતિ ઉ.વ.૨૧ નું ગત્ તા.૩૦-૫-૧૭ના રોજ આકસ્મિક દુખદ અવસાન થયેલ છે. સદગત્ના કુટુંબીજન અલ્પેશ મણીલાલ પ્રજાપતિની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે.

આ કાર્યમાં તબીબી સેવા ડો. સૌરભ તેમજ જુસીકાના કાર્યકર રાજુભાઈ વાઘેલાએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુ બેંક (અમદાવાદ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય રાજુભાઈ વાઘેલાએ કર્યું હતું.